હવે આ ટોપી કાઢી નાંખો, અન્નાનું અનશન અને બધું પતી ગયું... !

ધોરણ-૧૨ પૂરક પરીક્ષાના પરિણામનું ૭મીએ વિતરણ

ગાંધીનગર, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પરીક્ષા સચિવ જી.એમ. રબારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, બોર્ડ દ્વારા લેવાયેલી ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધો-૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને અન્ય પ્રવાહની પૂરક પરીક્ષા ૨૦૧૨ના પરિણામનું વિતરણ તા. ૭મી ઓગષ્ટ ૨૦૧૨ને સવારે ૧૧ કલાકે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે કરવામાં આવશે. દરેક શાળાના આચાર્યોને તા.૭મી ઓગષ્ટ ૨૦૧૨ના રોજ સવારે ૧૧ થી ૪ કલાક દરમિયાન પરિણામ મેળવી લેવા જણાવાયું છે.

નિયત તારીખે પરિણામ નહીં લઈ જનાર શાળાઓએ બીજા દિવસે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતેથી મેળવી લેવાનું રહેશે.

જે.એમ. ચૌધરી પ્રાથમિક શાળામાં અનોખી વર્ષાગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૪

અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં તાજેતરમાં વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૪ થી ૮ના વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. શાળાના આચાર્યા મીનાબેને બાળકોને આ પ્રસંગે સુંદર વર્ષાગીત સંભળાવ્યું હતું.

શાળામાં યોજાયેલી વર્ષા ગીત સ્પર્ધામાં ધોરણ ૪ થી ૮ના વિદ્યાર્થીઓએ સુંદર વર્ષાગીતો રજૂ કર્યા હતા. સમગ્ર સ્પર્ધામાં ધોરણ ૪ થી પના વિભાગમાં ધોરણ-૪-બના વિદ્યાર્થીઓએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. ધોરણ-૬ થી ૮ના વિભાગમાં ધોરણ-૭-બના વિદ્યાર્થીઓ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયા હતા. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન મંજુલાબેન ચૌધરીએ કર્યુ હતું.

એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં રાખડી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં તાજેતરમાં રક્ષાબંધન પર્વ નિમિત્તે રાખડી બનાવવાની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શાળામાં યોજાયેલી રાખડી બનાવવાની સ્પર્ધામાં ધોરણ-૬, ધોરણઃ૭ અને ધોરણઃ૮ની વિદ્યાર્થિની બહેનોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ધોરણ-૬માં મુદ્રા સોલંકી પ્રથમ, માનસી ઠાકોર દ્વિતીય અને ઝરણા ભાવસાર તૃતીય નંબરે આવી હતી. ધોરણ-૭માં ઝીલ દેસાઈ પ્રથમ નંબરે, દેવાંશી પટેલ દ્વિતીય નંબરે અને પ્રિયંકા રાણા તૃતીય નંબરે વિજેતા થયા હતા. ધોરણ-૮માં પૂજા બારોટ પ્રથમ નંબરે, ખુશ્બુ વર્મા દ્વિતીય નંબરે અને વંદિતા રાઠોડ ત્રીજા નંબરે વિજેતા બન્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

સેકટર-૨૨માં કાર્યરત રંગોલી પ્લે ગ્રુપ ખાતે ભૂલકાંઓએ રક્ષાબંધન પર્વની પરંપરાગત રીતે ઉજવણી કરીને આનંદ માણ્યો હતો.

વૃક્ષોને કરી "વ્હાલી", સખીઓ વૃક્ષમિત્ર બનવા ચાલી

સેકટર-૪ની બાળાઓએ વૃક્ષો સાથે મિત્રતા કરીને અનોખો ફ્રેન્ડશીપ ડે ઉજવ્યો

ગાંધીનગર, તા. ૪

ઓગષ્ટ માસના પ્રથમ રવિવારે સમગ્ર વિશ્વમાં ફ્રેન્ડશીપ ડે ઉજવાય છે, ત્યારે ફ્રેન્ડશીપ ડેની પૂર્વ સંધ્યાએ જ સેકટર ૪/બી.ની બાળાઓએ સાચા અર્થમાં વૃક્ષમિત્ર બની વૃક્ષોને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધીને અનોખા ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરી હતી. આ બાળાઓને પર્યાવરણ બચાવવાની થીમ હેઠળ વૃક્ષોના ફાયદા અને તેની માવજત વિશે વિગતવાર સમજ આપીને વૃક્ષો તથા પર્યાવરણ બચાવવાનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે (૧) ક્રિષ્ના આહીર (૨) તિથિ પટેલ (૩) નેન્શી પટેલ (૪) પૂજા મિસ્ત્રી અને (૫) રોશની શાહ સહીત સેકટર-૪ની નાની બાળાઓએ વૃક્ષોને બેલ્ટ બાંધીને મિત્રતા નિભાવી તેને ઉછેરવાના શપથ લીધા હતા.

આમ તો આ તહેવાર પશ્ચિમી સંસ્કૃતિની ઉજવણી સમાન છે. ભારતીય સંસ્કૃતિમાં ભગવાન શ્રી કૃષ્ણ અને સુદામાની મિત્રતા જાણીતી છે. સાચા મિત્રોને આવી કોઈ ઉજવણીની જરુર હોતી નથી પરંતુ યુવા પેઢી જયારે આ તહેવારની રાહ જોતી હોય છે અને તેને ધામધૂમથી ઉજવે છે ત્યારે તેનાથી સંપૂર્ણ અળગા રહેવાને બદલે મિત્રતાના સંબંધને વધુ મજબુત બનાવવા માટે ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરાય તો તેમાં કંઈ ખોટું નથી. "થીન્ક હટકે"માં માનનારાં આહીર સમાજના યુવા કાર્યકર શ્રી અશ્વિન જાટીયાએ જણાવ્યું કે, તેમની પુત્રી ચિ. ક્રિષ્ના જાટીયાનો ૧૦મો જન્મદિવસ પણ જોગાનુજોગ ફ્રેન્ડશીપ ડે ના દિવસે રવિવારે જ હોવાથી તેઓ ૧૦ વૃક્ષોની ભેટ તેમના મિત્રો તથા વસાહતીઓને આપી આ વૃક્ષો ઉછેરવાનો સંકલ્પ પણ લેવડાવશે. તેઓ માને છે કે, માત્ર વૃક્ષારોપણના કાર્યક્રમો કરવાને બદલે સાચા અર્થમાં વૃક્ષોની માવજત થાય તે જરુરી છે. આ જોતાં પ્રસંગોપાત ભેટને બદલે વ્યકિતગત રીતે વૃક્ષોની ભેટ અપાય તો તે ખરેખર ઉછરી શકશે. ગાંધીનગર શહેરના ૪૮ મા જન્મદિનની ઉજવણી વખતે છેલ્લા ત્રણ વર્ષથી વૃક્ષારોપણ કરવામાં આવે છે. જે આ વખતે બીજી ઓગષ્ટના બદલે રવિવારે જ ફ્રેન્ડશીપ ડેના દિવસે જ કરવામાં આવશે. આ રીતના વૃક્ષારોપણના જાતજાતનાં કાર્યક્રમોએ આ શહેરમાં નવી વાત નથી, વૃક્ષારોપણ પછી તેની જાળવણી કરીને વૃક્ષો ઉછરે તે વધુ જરુરી છે. આહીર સમાજના યુવા કાર્યકર શ્રી અશ્વિન જાટીયાએ જણાવ્યું કે, ફકત સરકાર કે વન વિભાગ બધુ કરી શકે નહીં. વૃક્ષોને બચાવવા માટે પ્રજાનો સાથ સહકાર જરુરી બની રહે છે. તેમણે ઉમેર્યું કે અમારા સરકારી કોમન પ્લોટમાં ચાર વર્ષ પહેલાં વન વિભાગ દ્વારા વૃક્ષારોપણ કરાયેલ હતું. આ વૃક્ષોની જાળવણી તથા માવજત માટે વસાહતીઓને સમજુતિ આપીને તેમને સાચા અર્થમાં વૃક્ષમિત્ર બનાવી આ તમામ વૃક્ષો ખરેખર ઉછરી શકયા તેનો મને આનંદ છે.

કુદરતી કારણોસર બધા વૃક્ષો ઉછરી ન શકે તે સામાન્ય અને સ્વાભાવિક હોવાનું જણાવી તેમણે જણાવ્યું કે, આવા વૃક્ષોને ફરી-ફરીને વાવીને અનોખા વૃક્ષારોપણની વારંવારની ઉજવણીના કાર્યક્રમો અમે વસાહતીઓએ એકઠા થઈને કરેલાં છે. વૃક્ષોને નિયમિત પાણી આપીને સિંચાઈ કરવાની સાથે ખાતર પણ આપવું જોઈએ. ગાંધીનગરની જમીન ખેતરાઉ હોવાથી ઉધઈ કે અન્ય જીવાત થાય ત્યારે જંતુનાશક દવાનો ઉપયોગ પણ કરવો જોઈએ. શરુઆતના બે વર્ષ વૃક્ષને નાના બાળકની જેમ સાચવવું પડે છે.

ઈન્ટર સ્કૂલ કલ્ચરલ સ્પર્ધામાં ચૈતન્ય સ્કૂલના બાળકો ઝળક્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની ચૈતન્ય સ્કૂલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં હરે ક્રિષ્ના મૂવમેન્ટ તેમજ અક્ષય પાત્ર દ્વારા ઈન્ટર સ્કૂલ કલ્ચરલ સ્પર્ધામાં કડી સર્વ વિદ્યાલય શિક્ષણ સંકુલ, ગાંધીનગર ખાતે ભાગ લઈ વૈદિક ક્વીઝ, ગ્રૂપડાન્સ, ડ્રોઈંગ, શ્લોક અને પૌરાણિક કોસ્ચ્યૂમ સ્પર્ધામાં સુંદર પ્રદર્શન કરી ઈનામો મેળવ્યા હતા.

ઈન્ટર સ્કૂલ કલ્ચરલ સ્પર્ધા તાજેતરમાં ધોરણ-૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવી હતી. જેમાં ચૈતન્ય સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વૈદિક ક્વીઝ સ્પર્ધામાં ધનરાજ રાઓલ અને પરિમલ વેદાંગે પ્રથમ નંબર, કાર્તિક રાય અને ઋષિલ મોઘે દ્વિતીય નંબર મેળવ્યો હતો.

એક્ષટેમ્પોમાં પરિમલ વેદાંગે દ્વિતીય ક્રમે તથા ગ્રૂપ ડાન્સમાં ઈશા ગોહિલ, સુશીલ નયન, ધનરાજ રાઓલ, સેતલ મેવાડા, કોમલ યાદવ, ખુશી સોનીએ દ્વિતીય ક્રમ

મેળવ્યો હતો. ડ્રોઈંગ એન્ડ પેઈન્ટિંગમાં મિત્સી ભાવસારે દ્વિતીય ક્રમ, શ્લોકા ચેટિંગમાં સોહમ ભટ્ટે તૃતીય ક્રમ, પૌરાણિક કોસ્ચ્યૂમમાં ઝેની પટેલ અને સારાંશ શર્માએ તૃતીય ક્રમ મળ્યો હતો. કોન્સલેશન ઈનામ ગ્રૂપ સિંગીંગમાં કોમલ યાદવ, ઋશિલ મોઘ, સ્નેહીલ સીંઘ અને સોહમ ભટ્ટને ઈનામ મળ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારના ટ્રસ્ટીઓ, સલાહકારો, કેમ્પસ ડાયરેકટર ઈલિઝાબેથ કોશી, આચાર્ય પ્રીતા ખિલ્લઈએ અભિનંદન પાઠવ્યા હતા.

આદર્શ નિવાસી કન્યા શાળામાં રક્ષાબંધન પર્વ ઉજવાયું

બ્રહ્માકુમારીની બહેનોએ શાળાના તમામ સ્ટાફને રાખડી બાંધી શુભેચ્છાઓ આપી બાળાઓએ ભાઈ બહેનના પવિત્ર બંધનને દર્શાવતા સુંદર ગીતોની રજૂઆત કરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સેકટર-૧૩માં આવેલી આદર્શ નિવાસી અનુસૂચિત જાતિ કન્યા શાળામાં તાજેતરમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા રક્ષાબંધન પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

રક્ષાબંધન પર્વ નિમિત્તે શાળાના બાળાઓએ ભાઈ બહેનના પવિત્ર બંધનને દર્શાવતા સુંદર ગીતોની રજૂઆત કરી હતી. બ્રહ્માકુમારી અંજનાબહેને આ પ્રસંગે રક્ષાબંધનનું 'ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્વ' સમજાવ્યું હતું તથા સૂતરના સાત તાંતણને સાત જીવન મૂલ્યો સાથે જોડી કર્મ, વિચાર અને વાણીની શુદ્ધતાની વાત કરી હતી.

ભાઈ-બહેનના આ પવિત્ર પ્રસંગે બ્રહ્માકુમારીની બહેનોએ શાળાના તમામ સ્ટાફને રાખડી બાંધી શુભેચ્છાઓ આપી હતી. બ્રહ્માકુમારી વંદના બહેને સંસ્થાનો પરિચય આપી વિદ્યાર્થી જીવન માટે ઉપયોગી એવા નિયમો પાળવા સમજાવ્યું હતું. નિયમિત અને સારા આકારે ગૃહકાર્ય કરવું, સ્વચ્છતા જાળવવી, વડીલોને માન આપવું વગેરે બાબતોને જીવનમાં ઉતારવા જણાવ્યું હતું.

શાળામાં યોજાયેલા રક્ષાબંધન પર્વનું સફળ આયોજન અને સંચાલન અમિતાબેન પરમારે કર્યું હતું તથા આચાર્યા કુસુમબેન ચૌહાણ, આલેસુબેન, રેણુકાબેન અને સમગ્ર સ્ટાફ પરિવારે યોગ્ય સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આભાર વિધિ રંજનાબેન ગુપ્તા દ્વારા કરવામાં આવી હતી.

મન-બુદ્ધિ-ઈન્દ્રિયોને નિયંત્રણમાં કરેલ મહાપુરુષનું અપમાન કરવું હિતાવહ નથી

પૂ. ગુરુમા શિવ મહિમ્ન સ્તોત્રમ્ના સત્સંગ કરાવતા શ્લોક નં. ૧૫ ને સમજાવતા કહ્યું.

મન-બુદ્ધિ અને ઈન્દ્રિયો ઉપર નિયંત્રણ પ્રભુ ભક્તિ માટે અગત્યની બાબત છે. કામદેવના બાણથી દેવ-અસુર કે માનવ હણાઈ જાય છે. કામદેવ સર્વને વશમાં કરનાર છે વિશિરવાઃ -જે હંમેશા બાણથી હણનારા છે કામદેવ એટલે કે, વિજાતીય આકર્ષણ આ શક્તિ ત્રણે ભુવનમાં છવાયેલી છે. પરંતુ જ્યાં વિવેક ન હોય ત્યાં વાસના ઉભી થઈ જાય છે જેને પૂરી કર્યા સિવાય રહી શકાતું નથી, તેવી વાસના કે ઈચ્છા ઉત્પન્ન થાય તો મનુષ્ય શાન્તિથી બેસી શકતો નથી.

અર્જુન ભગવાનને પૂછે છે કે, એવું ક્યુ પરિબળ છે જે ન ઈચ્છવા છતાં પાપ કરાવે છે. શ્રીકૃષ્ણ કહે છે, કામ એષઃ ક્રોધ એષઃ। આ કામના અને ક્રોધ ક્યાં રહે છે, તો કામનાને રહેવાનું સ્થળ ઈન્દ્રિય મન અને બુદ્ધિ છે.

ઈન્દ્રિય વડે દર્શન કરવાથી, સાંભળવાથી વિગેરેથી જે તે વસ્તુની ઈચ્છા ઉત્પન્ન થાય છે ક્યારેક કલ્પનાને આધારે કઈ કરવાની ઈચ્છા થાય છે, ત્યારે મન છે અને બુદ્ધિમાં વિચાર આવતાં પણ ઈચ્છા ઉત્પન્ન થઈ જાય છે. જેનું મન-બુદ્ધિ અને ઈન્દ્રિયો નિયંત્રણમાં છે તેને કામદેવના બાણ હલાવી શકતા નથી. પતંગીયુ દિવાની જ્યોતથી, હાથી સ્પર્શ તરફ, હરણ સંગીત કે મધુર અવાજથી, માછલી રસથી અને ભમરો ગંધથી આકર્ષિત થઈ પંચત્વ(મૃત્યુ)ને પામે છે. તેમ કામદેવના બાણ કોમળ હોય છે લાગે ત્યારે સારૂં લાગે છે પરંતુ તેની પીડા પછીથી થાય છે.

આવા કામદેવ કેવા બળવાન છે તેને પુષ્પદંતજી બતાવે છે કે કામદેવનો અમરીથ એવો હતો કે તેમણે શિવજીને સાધારણ સમજી લીધા અને તેમની તપસ્યા ભંગ કરવા પ્રયત્ન કર્યો તેથી શિવએ કામદેવને ભસ્મ કરી દીધા.

બ્રહ્માજીના વરદાનથી તારાકસુર રાક્ષસ બળવાન બની ગયો અને ફકત શિવના પુત્રથી જ તેનું મૃત્યુ થાય તેવું વરદાન હોવાથી અને સતી દેવોએ શિવજીના તપ ભંગ કરી ઉમાપાર્વતીજી સાથે લગ્ન કરે માટે કામદેવને મોકલેલ હતા. કામદેવને શાપમાંથી મુક્તિ માટે રતિના તેમજ બધા દેવોના પ્રયત્નથી શિવજી બીજા અવતારમાં શ્રીકૃષ્ણના પુત્ર પદ્યુમન રૂપે અવતાર લઈ શાપમાંથી મુક્તિ પામે છે.

હિમવાન અને પુત્રી પાર્વતી પ્રાર્થના કરે છે ત્યારે શિવજી કહે છે કે, તપસ્વીએ પ્રકૃતિથી બચીને રહેવું જોઈએ. પછીથી શિવજી પાર્વતીની સેવાનો સ્વીકાર કરે છે.

ભગવાન શંભુને સાધારણ સમજી લેવાની કામદેવની ભૂલને કારણે કામદેવની આવી સ્થિતિ પ્રાપ્ત થઈ. મારે મહાપુરુષોની નિંદા કરવાની ન હોય કારણ કે, તેમની મનોસ્થિતિ કેવા પ્રકારની હશે તે આપણે જાણતા નથી. મન-બુદ્ધિ-ઈન્દ્રિયોને નિયંત્રણમાં કરેલ મહાપુરુષનું અપમાન કરવું હિતાવહ નથી. શાસ્ત્રો કહે છે કે, મહાપુરુષોની નિંદા કરનારને તેમના પાપના ફળ ભોગવવા પડે છે અને સેવા કરનારને પૂણ્ય ફળની પ્રાપ્તિ થાય છે.

શ્લોક-૧૬ : પુષ્પદંતજી કહે છે કે, ખરેખર પ્રભુ આપ તાંડવ નૃત્ય કરો છો ત્યારે તેને જોવાની સાથે એવું લાગે છે તે, થોડી જ ક્ષણોમાં પ્રલય થઈ જશે. બહારથી તે પ્રલયકારી લાગે છે પરંતુ, આપનું આ તાંડવ નૃત્ય જગતની રક્ષા માટે જ કરો છો. આપની આ વક્તારૂપી વિભૂતિ કેટલી અનુપમ છે.

કોઈએક રાક્ષસે બ્રહ્માજીની તપસ્યા કરી વરદાન માગ્યું કે, મને જગતનો નાશ કરવાનું વચન આપો. ત્યારે બ્રહ્માજી વિસ્મય પામતાં સાંજે આવવા કહ્યું અને બ્રહ્માજી તરત જ શિવજી પાસે પહોંચી ગયા અને વિનંતી કરી કે, પ્રભુ આપ જગતની રક્ષા કરો સાંજે રાક્ષસ બ્રહ્મલોકમાં પહોંચ્યો ત્યારે ત્યાં ઉપસ્થિત શિવજીએ એવું તાંડવ નૃત્ય કર્યુ કે તે રાક્ષસ નૃત્ય જોતો રહ્યો અને સંધ્યાકાળ વિતી ગયો. રાક્ષસ વરદાન માગી શક્યો નહી. રાક્ષસ તન્મય થયો તેને કોઈ ભાન રહ્યું નહી. આમ જગતની રક્ષા માટે પ્રભુએ તાંડવ નૃત્ય કર્યું.

શિવજી પ્રસંન્નતાની અભિવ્યક્તિ માટે પણ તાંડવ નૃત્ય કરે છે. ભગવાનનું રૂદ્ર સ્વરૂપ જ સંહારનું કાર્ય કરે છે, તેથી શિવજીએ કઈ કરવાનું રહેતું નથી. ભગવાન બે પ્રકારે નૃત્ય કરે છે. (૧) તાંડવ નૃત્ય-ભગવાન એકલા નૃત્ય કરે ત્યારે તાંડવ નૃત્ય કરે છે ત્યારે બીજા બધાને મોત સમક્ષ હોય તેવું લાગે છે. (૨) લાસ્ય નૃત્ય - જે ભગવાન પાર્વતીજી સામે કરે છે.

પુષ્પદંતજી કહે છે કે, ભગવાન તાંડવ નૃત્ય કરે ત્યારે પૃથ્વીની શું સ્થિતિ થઈ હતી તેનું વર્ણન કરે છે.

ભગવાન શરૂઆતમાં આનંદમાં આવી શંખનાદ કરે છે અને તેથી ત્રિભુવનમાં કંપન ઉભા થાય છે પછી ઓમકારનું ઉચ્ચારણ કરે છે તે ગંભીરનાદથી ઉચ્ચારણ કરે છે. ઓમકાર નાદ શાન્ત થાય તે પહેલાં ડમરૂં બજાવી દે છે, તેની સાથે ચરણના નૂપુરરૂપી અવાજ સાથે બધી જ ચેષ્ટાઓ સાથે શરૂ થઈ જાય છે એક એક જ ગતિને પામે છે ત્યારે તાંડવ નૃત્ય શરૂ થઈ જાય છે.

પ્રભુના પગ પડતાં જ પૃથ્વી ઉપર એવું લાગે છે કે, હમણાં જ આ પૃથ્વી (ભૂમિ) તૂટી પડશે. આથી પૃથ્વી સંશયમાં આવી જાય છે. ભગવાનની ભૂજાઓ અંતરિક્ષમાં ફેલાઈ રહી હોય ત્યારે આકાશમાં સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહો, નક્ષત્રો વિગેરે બધા આમતેમ થઈ જાય છે અને સ્વર્ગ લોકની સ્થિતિ પણ આવી જ થાય છે. પ્રભુની જટાજુટ ખુલી ગઈ હોવાથી તેની થાપટથી સ્વર્ગ લોક હાલક-ડોલક થઈ જાય છે. આમ ત્રણે લોક હલબલી જાય છે. બધા દેવો ડરી જાય છે. બહારથી આ બધું વિકરાળ લાગે છે પરંતુ, આપના નૃત્યુ પાછળનું કારણ તો હંમેશા આ જગતની રક્ષા કરવાનું જ હોય છે.

પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે સંસ્કૃત સંભાષણ વર્ગોનું આયોજન

ગાંધીનગર, તા. ૪

શ્રી પી કે મહિલા ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે ૩૦ જુલાઈથી ૧૨ ઑગષ્ટ દરમ્યાન સંસ્કૃત સપ્તાહ ઉજવણીનો આરંભ કરવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી આપતાં કૉલેજના પ્રિન્સીપાલ ડૉ. ઉમાબેન ચૌધરીએ જણાવ્યું છે કે, સંસ્કૃત ભાષા અને સાહિત્યમાં અનેક શ્રેષ્ઠ વિચારો અને જીવન વિષયક આચારોનો સંગ્રહ છે, જેનો લાભ કૉલેજના વિદ્યાર્થીઓને મળે તે હેતુથી કૉલેજ ખાતે સંસ્કૃત ભારતીના ગિરધરભાઈ ઉપાધ્યાય સંચાલિત સંસ્કૃત સંભાષણ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે સંસ્કૃત ભારતી દ્વારા એક લાખથી વધુ લોકોને સંસ્કૃત બોલતા શીખવવામાં આવેલ છે.

કૉલેજ ખાતે આયોજિત સંસ્કૃત સંભાષણ વર્ગમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ ભાગ લઈ રહી છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ તેજસ્વી તારલાઓને સન્માન કરશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા તેજસ્વી તારલા તેમજ વિવિધ ક્ષેત્રમાં વિશિષ્ટ વ્યક્તિઓનું બહુમાન કરવાના કાર્યક્રમનું આયોજન કરેલ છે. બિહોલા કેશવસિંહ પ્રમુખ તથા પોપટલાલ પ્રજાપતિ મહામંત્રી, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની યાદીમાં જણાવેલ છે. ધોરણ-૧૦ અને ધો.-૧૨માં ૮૦ટકાથી વધુ માર્કસ મેળવેલ હોય તે વિદ્યાર્થીઓને પોતાની માર્કશીટ સંસ્થાના હોદેદારો ને તા.૧૦ ઓગસ્ટ સુધી પહોંચાડવાની રહેશે. રાજયકક્ષા કે રાષ્ટ્રીયકક્ષાએ એવોર્ડ મેળવનાર મહાનુભાવોનું પણ સન્માન કરવામાં આવનાર છે. આ અંગેની ચર્ચા કરવા માટે તા.૫મી ઓગસ્ટે સવારે ૧૦.૦૦ કલાકે જૂના સચિવાલય કેન્ટીનમાં કારોબારી મળનાર છે.

એસ.એસ. પટેલ પી.ટી.સી. કોલેજની તાલીમાર્થી બહેનોની ઈન્ટર્નશીપ સંપન્ન

ગાંધીનગર, તા. ૪

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ગાંધીનગર દ્વારા તા. ૨૩મી જુલાઈથી ૩જી ઓગષ્ટ દરમિયાન પી.ટી.સી. કોલેજના ઈન્ટર્નશીપ કાર્યક્રમ યોજાયા હતા. જેમાં ગાંધીનગરની એસ.એસ. પટેલ પી.ટી.સી. કોલેજની ૪૩ તાલીમાર્થી બહેનોએ ગાંધીનગર શહેરની પાંચ પ્રાથમિક શાળાઓમાં ઈન્ટર્નશીપ કાર્યક્રમ સફળ રીતે પૂર્ણ કર્યો હતો.

એસ.એસ. પટેલ પી.ટી.સી. કોલેજની તાલીમાર્થી બહેનોએ શાળાઓમાં પ્રાથમિક શિક્ષણ સુંદર રીતે આપ્યું હતું. રોજીંદા શિક્ષણ કાર્યમાં વિવિધ ટી.એલ.એમ.નો ઉપયોગ તથા પ્રાર્થના સભામાં સુવિચાર વાંચન, બાળગીત, નાટક, જાણવા જેવું, ભજન, લોકગીત અને ઘડિયા ગાન કરાવી બાળકોને નવતર પ્રયોગ કરાવ્યો હતો. શાળામાં રમત ગમતનું પણ આયોજન કર્યું હતું. સાદી દોડ, સ્લો સાયકલીંગ, સંગીત ખુરશી અને કોથળા દોડ જેવી રમતો યોજવામાં આવી હતી. સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં સુલેખન, ચિત્ર સ્પર્ધા, એક પાત્રીય અભિનય, બાળગીત સ્પર્ધા, વર્ગ સુશોભન, શાળા સ્વચ્છતા જેવા કાર્યક્રમો કર્યા હતા.

ઈન્ટર્નશીપનું આયોજન કોલેજના આચાર્યા કિરણબેનના માર્ગદર્શન હેઠળ થયું હતું. અધ્યાપકોના સાથ સહકારથી તાલીમાર્થીઓએ દસ દિવસ સફળતા પૂર્વક ઈન્ટર્નશીપ કાર્યક્રમ પણ કર્યો હતો.

ફ્રેન્ડશીપ ડેની ઉજવણી માટે બજારોમાં શનિવારે ભારે ભીડ જોવા મળી હતી. અનોખા ફ્રેન્ડશીપ બેલ્ટની મોટી વેરાઈટી બજારમાં જોવા મળી રહી છે. ફ્રેન્ડશીપ ડેની ઉજવણી આપણે અમેરિકા પાસેથી આયાત કરી છે. ૧૯૫૮માં સૌપ્રથમ પેરુગ્વે ખાતે આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. એ પછી તે ઝડપભેર દુનિયામાં પ્રચલિત થયો છે. અલબત્ત, આ દિવસની ઉજવણી પરત્વે વિવાદ ઘણા છે. પણ યંગ જનરેશનને વિવાદોમાં રસ નથી, નિજાનંદમાં રસ છે. ગાંધીનગરની કેટલીક ખાનગી શાળાઓમાં તો વિદ્યાર્થીઓના હાથમાંથી ફ્રેન્ડશીપ બેલ્ટ કઢાવીને શિક્ષકોએ જપ્ત કરી લીધા હોવાના સમાચારો પણ પ્રાપ્ત થયા છે. પણ જો એમ આવા દિવસોની ઉજવણીને રોકી શકાતી હોત તો ફાધર્સ ડે, મધર્સ ડે કે વેલેન્ટાઈન ડે ક્યારના બંધ ન થઈ ગયા હોત ! ઉજવણી પાછળની લાગણી મહત્ત્વની છે, ઉજવણી કોની છે એ મહત્ત્વનું નથી.